* પરમાણુ બંધારણ (Atomic structure)

- Cathode Ray Tube (વિદ્યુત વિભાર નળી)











## કૅથોડ કિરણો (કૅથોડ કણો)

- તે કૅથોડ થી એનોડ તરફ સીધી રેખા માં ગતિ કરે છે.
  (તેના માર્ગમાં કોઇ અપારદર્શક વસ્તુ મૂકતાં તેના પડછાયો દેખાય)

- ~~તે દળ ધરાવે છે~~
- ~~કૅથોડ કિરણના માર્ગમાં ઘર્ષણ રહિત કૅથોડ કિરણના માર્ગમાં~~

- તે દળ ધરાવે છે
- કૅથોડ કિરણના માર્ગ માં ઘર્ષણ રહિત wheel (ચકરડી) મૂકતાં તેને ફેરવી શકે છે. જે તેમના યાંત્રિક ગુણધર્મોની હાજરી દર્શાવે છે

- તે ઋણ વિજભાર ધરાવે છે.
  તેમની ગતિના માર્ગને લંબરૂપે જો વિદ્યુત ક્ષેત્ર લગાડવામાં આવે તો આ કણો ધન ધ્રુવ વિજભાર તરફ આકર્ષાય છે.
  જે દર્શાવે છે કે કૅથોડ કિરણો ઋણ વીજભારીત છે.

- તેમના ગતિના માર્ગની લંબરૂપે ચુંબકીય ક્ષેત્ર લગાડતાં તે કોઇ એક ધ્રુવ તરફ આકર્ષાય છે જે તેમનામાં વિજભારની હાજરી દર્શાવે છે.

- કૅથોડ કિરણો ના ગુણધર્મો ($e/m$ ગુણોત્તર) એ નળીમાં ભરેલા વાયુ ઉપર આધાર રાખતો નથી
  કૅથોડ કિરણો માટે

$$\frac{e}{m} = \frac{\text{charge}(c)}{\text{mass}(g)}$$

$$= \frac{1.6 \times 10^{-19} c}{9.109 \times 10^{-28} g}$$

$$= 1.75 \times 10^{8} \, c/g$$

$$= 1.75 \times 10^{11} \, c/kg$$

- કેથોડ કિરણોને ઇલેક્ટ્રોન તરીકે ઓળખવામાં આવ્યા
- કેથોડ કિરણો ધાતુના અતિ પાતળા સ્તરમાંથી પસાર થઇ જાય છે. પણ જો આ સ્તરની જાડાઇ વધે તો તેમાંથી પસાર થઇ શકતા નથી.

- ટંગસ્ટન જેવી ભારે ધાતુઓ સાથે અથડાવાથી કેથોડ કિરણ X-Ray ઉત્પન્ન કરે છે.

- કેથોડ કિરણો ધાતુ સાથે અથડાય તો તેને ગરમ કરે છે. (heting effect)

- તે ફોટોગ્રાફીક પ્લેટ ઉપર અસર કરે છે

• એક e ધરાવતા પરમાણુ કે આયન માટે 3S = 3P = 3d = 3f
• Coloured ion :- જેમાં d & f કક્ષમાં અયુગ્મી e હાજર હોય તે રંગીન આયન હોય.

- તે ZnS ની પ્લેટ સાથે અથડાય ત્યારે પ્રકાશ ઉત્પન્ન કરે છે.

- તે જે વાયુ સાથે અથડાય છે તે વાયુનું આયનીકરણ કરે છે

- કેથોડ કણોને ઇલેક્ટ્રોન તરીકે ઓળખવામાં આવ્યા.
- e ની શોધ J. J Thomson એ કરી.

## * એનોડ કિરણો (એનોડ કણો) (Anode Rays)

- તે કેથોડ કણોની જેમ જ સીધી રેખામાં ગતિ કરે છે.
પણ તેની દિશા કેથોડ કિરણોની દિશાથી વિરુદ્ધ એનોડ (+ve) છેડા થી કેથોડ (-ve) છેડા તરફ હોય છે

- તે દળ ધરાવે છે, યાંત્રિક ગુણધર્મો ધરાવે છે.
- એનોડ કણોનો e/m ગુણોત્તર એ નળી માં ભરેલા વાયુના પરમાણુ ઉપર આધાર રાખે છે

- નળીમાં જ્યારે હાઇડ્રોજન પરમાણુ ભરેલ હોય ત્યારે એનોડ કિરણોનો e/m ગુણોત્તર મહત્તમ હોય છે

- H દ્વારા બનતા એનોડ કિરણો માટે e/m ગુણોત્તર

$$\frac{e}{m} = \frac{1.6 \times 10^{-19} C}{1.67 \times 10^{-24} g}$$

$$\approx 1 \times 10^{5} C/g$$ → $H^+$ માટે

$$\approx 1 \times 10^{8} C/kg$$

- H પરમાણુના આયનીકરણથી બનેલા એનોડ કણોને પ્રોટોન કહેવામાં આવ્યા.

- એનોડ કિરણો ZnS સાથે પ્રકાશ ઉત્પન્ન કરે છે
- તે ફોટોગ્રાફીક પ્લેટ ઉપર અસર કરે છે
- તેઓ વિદ્યુત અને ચુંબકીય ક્ષેત્રમાં વિચલન પામે છે

• ન્યુટ્રોન ની શોધ

$$_4^9Be + _2^4He^{+2} \longrightarrow _6^{12}C + _0^1n$$

બેરીલીયમનું ↓ ન્યુટ્રોન
ન્યુક્લીયસ (He ન્યુક્લિયસ) α કણો

જ્યારે Be ન્યુક્લિયસ ઉપર He ન્યુક્લિયસ (α કણો) આઘાત કરવામાં આવ્યા ત્યારે $^{12}C$ ની સાથે તટસ્થ કણ કે જેનું દળ પ્રોટોન જેટલું હતું તે મળ્યા. જેને ન્યુટ્રોન કહેવાય.

રેડિયો એક્ટીવીટી દ્વારા મળતા કિરણો (કણો) γ-gama



| કણ | અણુસૂત્ર | વીજભાર | ઝડપ |
|---|---|---|---|
| $\alpha$ | $_2^4He^{+2}$ | +2 | પ્રકાશ ઝડપના દશમા ભાગનો |
| $\beta$ | $_{-1}e^0$ | −1 | $\approx 2 \times 10^8$ m/s |
| $\gamma$ | — | — | $3 \times 10^8$ m/s |

- ભેદન શક્તિ $\gamma > \beta > \alpha$

- આયનિકરણ શક્તિ :- કોઈપણ ઘટકનું આયનિકરણ કરવાની શક્તિ

$$\alpha > \beta > \gamma$$

- કેટલાક અન્ય કણો

| | |
|---|---|
| $\beta^+$ (પોઝીટ્રોન) | $_{+1}e^0$ |
| $n$ (ન્યુટ્રોન) | $_0n^1$ |
| $p$ પ્રોટોન | $_1H^1$ |
| ન્યુટ્રીનો અને એન્ટીન્યુટ્રીનો | $_0e^0$ |
| મેસોન ($\pi$) | ($e$ કરતા 273 / 273 ગણો ભાર) |
| એન્ટી પ્રોટોન | $_{-1}P$ |

* સમઇલેક્ટ્રોનીય ઘટકો :-
(iso electronic)

જે ઘટકો જેમાં $e^-$ ની સંખ્યા સમાન હોય તેમને સમ ઇલેક્ટ્રોનીય કહેવાય.

દા.ત. CO અને $N_2$ ($14e^-$)
$Mg^{+2}$, $Na^+$, $F^-$, $O^{-2}$ ($10e^-$)

* Isosteres :-

એવા ઘટકો જેમાં પરમાણુની સંખ્યા સમાન હોય અને ઇલેક્ટ્રોનની સંખ્યા પણ સમાન હોય

દા.ત. $CO_2$ અને $N_2O$

| | $CO_2$ | $N_2O$ |
|---|---|---|
| પરમાણુ | 3 | 3 |
| $e^-$ | 22 | 22 |

આઇસોટોન્સ (Isotones)

જે પરમાણુઓ જેમના પરમાણુ ક્રમાંક અને પરમાણુ દળ અસમાન હોય પણ ન્યુટ્રોનની સંખ્યા સમાન હોય.

દા.ત.

| | $_6^{14}C$ | $_7^{15}N$ | $_8^{16}O$ |
|---|---|---|---|
| Z : | 6 | 7 | 8 |
| A : | 14 | 15 | 16 |
| n : | 8 | 8 | 8 |

* Isobars (સમભારીય) :-

જે તત્વોના દળ સમાન પણ પરમાણુ ક્રમાંક જુદા જુદા તેમને એકબીજાના સમભારીય કહેવાય

દા.ત.

$^{14}_{7}N$ અને $^{14}_{6}C$

* સમસ્થાનિક (Isotopes)

- જે તત્વોના પરમાણુ ક્રમાંક સમાન હોય પણ પરમાણુ દળ જુદા જુદા તેમને એકબીજાના સમસ્થાનિકો કહેવાય.

દા.ત.

$^{12}_{6}C$ & $^{14}_{6}C$

* Charge (વીજભાર)

① વીજભાર $(q) = ne^{-}$

જ્યાં $n = 1, 2, 3, \ldots$

$e^{-} = 1.6 \times 10^{-19}$ (કુલંબ)

② બે વીજભાર $q_1$ અને $q_2$ ને એકબીજાથી $r$ અંતરે રાખતાં, તેમની વચ્ચે લાગતું બળ

$$F = \left| \frac{k q_1 q_2}{r^2} \right|$$ બળ હંમેશા ધન હોય

જ્યાં $q_1$ અને $q_2$ = બે વીજભાર

$r$ = $q_1$ અને $q_2$ વચ્ચેનું અંતર

$K$ = કુલંબિક અચળાંક = $9 \times 10^{9}\ N\text{-}m^2/C^2$

$= \frac{1}{4\pi\varepsilon_0}$ ($\varepsilon_0$ = Epsilon (શૂન્યાવકાશ) Permittivity)

→ જો $q_1$ અને $q_2$ સમાન વીજભાર હોય તો તેમની વચ્ચે અપાકર્ષણ બળ લાગે.




$q_1$ અને $q_2$ અસમાન વીજભાર ધરાવતા તેમની વચ્ચે આકર્ષણ બળ લાગે.




③ સ્થિતિ ઊર્જા (Potential Energy)

જો સ્થિતિ ઊર્જા વધે તો અસ્થિરતા વધે.

$$P.E. = \frac{Kq_1q_2}{r}$$

→ જો $q_1$ અને $q_2$ બંને ધન અથવા બંને ઋણ હોય તો
જેમ r↓ તેમ PE↑ અપાકર્ષણ↑ અસ્થિરતા↑

→ જો $q_1$ અને $q_2$ અસમાન વીજભાર હોય તો,
જેમ r↓ તેમ P.E.↓ આકર્ષણ↑ સ્થિરતા↑

④ જો q વિજભારને V-વોલ્ટ ધરાવતા વિદ્યુતક્ષેત્રમાં મૂકવામાં આવે તો સ્થિતિ ઊર્જા

$$P.E. = q.V$$

એકમ (કુલંબ વોલ્ટ = Joule)

⑤ ન્યુક્લિયસ નો વીજભાર

$q = +Ze$   જ્યાં $Z$ = પરમાણુ ક્રમાંક

## * Distance of closest approach
(શક્ય લઘુતમ અંતર)

- જ્યારે $\alpha$ કણ ($_2^4He^{+2}$) એ $+Ze$ વીજભાર ધરાવતા ન્યુક્લિયસ તરફ ગતિ કરીને જાય ત્યારે તે વધુમાં વધુ કેટલો નજીક થઈ શકશે?




| | | |
|---|---|---|
| વેગ $v_1$ = maximum | વેગ $= v_2$ | વેગ $v_3 = 0$ |
| ગતિ ઊર્જા $KE_1 = \frac{1}{2} m v_1^2$ | $KE_2 = \frac{1}{2} m v_2^2$ | $KE_3 = 0$ |
| સ્થિતી ઊર્જા $PE_1 = 0$ | $PE_2 = \frac{k q_1 q_2}{r_2}$ | $PE_3 = \frac{k q_1 q_2}{r_0}$ |
| કુલ ઊર્જા | | |
| $TE_1 = KE_1 + PE_1$ | $TE_2 = KE_2 + PE_2$ | $TE_3 = KE_3 + PE_3$ |

જ્યાં $r_0$ = Distance of closest approach

ઊર્જા સંરક્ષણના નિયમ પ્રમાણે

$$TE_1 = TE_2 = TE_3$$

$$KE_1 + PE_1 = KE_1 + PE_1 = KE_1 + PE_1$$

1 અને 3 માટે

$$TE_1 = TE_3$$

$$KE_1 + PE_1 = KE_3 + PE_3$$

$$\frac{1}{2} m v_1^2 + 0 = 0 + \frac{k q_1 q_2}{r_0}$$

$$r_0 = \frac{2k q_1 q_2}{m v_1^2}$$

જ્યાં $q_1$ = α કણનો વીજભાર = 2e

$q_2$ = ન્યુક્લીયસનો વીજભાર = Ze

m = α કણનું દળ = 4 × પ્રોટોનનું દળ

$= 4 m_p = 4 \times 1.67 \times 10^{-27}$ kg

$v_1$ = α કણનો પ્રારંભિક વેગ

$$r_0 = \frac{2k (2e)(Ze)}{4 m_p v_1^2}$$

$$\boxed{r_0 = \frac{k Z e^2}{m_p v_1^2}}$$

2025/08/28 20:56

શરૂઆતનો વેગ $2\times10^5 m/s$ ધરાવતા $\alpha$-કણને Cu ના ન્યુક્લીયસ તરફ અનંત અંતરેથી ગતિ કરાવતા closest distance of approach ($Z=29$ કોપર)

$$r_0 = \frac{kZe^2}{m_p v_1^2}$$

$$= \frac{9\times10^9 \times 29 \times (1.6\times10^{-19})^2}{1.67\times10^{-27} \times (2\times10^5)^2}$$

$$= ~~1\times10^{-14}~~ \; 2m \quad 1\times10^{-10} m$$

ઉપરના પ્રશ્નમાં ન્યુક્લીયસથી કેટલા અંતરે $\alpha$ કણનો વેગ તેના પ્રારંભિક વેગથી અડધો થશે?

$$r_0 \; ~~1\times10^{-14}~~ = \frac{9\times10^9 \times 29 \times (1.6\times10^{-19})^2}{1.67\times10^{-27} (10^5)^2}$$

$TE_1 = T_2$

$$= \frac{9\times10^9 \times 29 \times (16\times10^{-20})^2}{167\times10^{-29} (10^5)^2}$$

$$= \frac{9\times10^9 \times 29 \times 256\times10^{29}}{167\times10^{10} \times 10^{40}}$$

$$= \frac{9\times29\times256}{167\times10^{12}}$$

$$= 4\times10^{-10} m$$

* થોમસનનો પરમાણુ નમૂનો




- પરમાણુ ગોળાકાર છે.
- પરમાણુનું દળ અને ધનવીજભાર એ આખા પરમાણુ માં સમાન રીતે વહેંચાયેલા છે.

- ઋણભારીત $e^-$ એ ધનવીજભારમાં વચ્ચે ખૂંપેલા છે.

• મર્યાદા:-

- તે પરમાણુ ની સ્થિરતા સમજાવી શક્તો નથી.
- તે રુથરફોર્ડના α-પ્રકીર્ણન ના પ્રયોગને સમજાવી શક્તો નથી.

* રુધરફોર્ડ નો પરમાણુ નમૂનો :- (α પ્રકીર્ણન નો પ્રયોગ)




- રુધરફોર્ડ સોનાના પરમાણુ ઉપર α-કણોને પ્રકીર્ણન કર્યા ને નીચે મુજબ અવલોકનો મળ્યાં

- મોટાભાગના α - કણો વિચલન પામ્યાં વિના પરમાણુ માંથી સીધા જ પસાર થઈ જાય છે. (99.9%)

- કેટલાક α - કણો થોડાક ખૂણે વિચલન પામે છે.
- ખૂબ જ ઓછા α-કણો (20000 માંથી 1) 180° ના ખૂણે પાછા ફરે છે.

• રુધરફોર્ડનો પરમાણુ નમૂનો :-

- પરમાણુનો મોટો ભાગ ખાલી છે. તેમાં દળ અને ધનવિદ્યુતભાર ખૂબ જ નાના ભાગમાં કેન્દ્રીત થયેલું છે. જેને ન્યુક્લિયસ કહેવાય છે.

- ઇલેક્ટ્રોન એ ન્યુક્લિયસની આસપાસ ચોક્કસ અંતરે આવેલા વર્તુળાકાર માર્ગમાં ભ્રમણ કરે છે જેને કક્ષા કહેવાય છે.

- ન્યુક્લિયસની ત્રિજ્યા $10^{-15}$ m અને કક્ષાની ત્રિજ્યા $10^{-10}$ m છે. પરમાણુની ત્રિજ્યા એ તેના ન્યુક્લિયસ ની ત્રિજ્યા કરતાં $10^{5}$ ગણી છે.

- $\dfrac{\text{પરમાણુ નું કદ}}{\text{ન્યુક્લિયસનું કદ}} = \dfrac{\frac{4}{3}\pi r_1^3}{\frac{4}{3}\pi r_2^3} = \dfrac{r_1^3}{r_2^3}$

$\dfrac{\text{પરમાણુનું કદ}}{\text{ન્યુક્લિયસનું કદ}} = \dfrac{(10^{-10})^3}{(10^{-15})^3}$

**પરમાણુનું કદ $= 10^{15} \times$ ન્યુક્લિયસનું કદ**

- ન્યુક્લિયસની ત્રિજ્યા :

$$R = R_0 (A)^{1/3}$$

જ્યાં $R_0$ = અચળાંક

$= 1.33 \times 10^{-15}\ m$

$A$ = પરમાણુ દળ

દા.ત. Al પરમાણુના ન્યુક્લિયસની ત્રિજ્યા ગણો.

$R = R_0 (A)^{1/3}$

$= 1.33 \times 10^{-15} \times 27^{1/3}$

$= 1.33 \times 10^{-15} \times 3$

$$R = 3.99 \times 10^{-15}\ m$$

- પરમાણુ ના કેન્દ્ર અને e વચ્ચે કુલંબિક આકર્ષણ બળો હોય છે જેના કારણે e કેન્દ્રની આસપાસ ચોક્કસ અંતરે ભ્રમણ કરે છે.

- રૂથરફોર્ડના પ્રયોગને ગેગર-માર્સડન પ્રયોગ પણ કહેવાય છે.

## રુથરફોર્ડના પરમાણુ નમૂનાની મર્યાદા :

- રુથરફોર્ડનો નમૂનો પરમાણુની સ્થિરતા સમજાવી શક્યો નહિ
- ઇલેક્ટ્રોન એ કેન્દ્રથી ચોક્કસ અંતરે વર્તુળાકાર માર્ગમાં ભ્રમણ
- પણ મેક્સવેલના સિદ્ધાંત પ્રમાણે જ્યારે કોઈ વીજભારીત કણ પ્રવેગિત ગતિ કરે ત્યારે તે ઊર્જાનું ઉત્સર્જન કરે છે.
- આ રીતે e પણ ઊર્જાનું ઉત્સર્જન કરે અને તે થોડાક જ સમયમાં ન્યુક્લિયસમાં ખેંચાઇ જાય
- આ પરમાણુ નમૂનો પરમાણુ વર્ણપટ અસતત છે તેવું સમજાવી શકતો નથી
- પરમાણુમાં ન્યુક્લીયસ અને e વચ્ચે લાગતા બળોને સૂર્ય અને ગ્રહો વચ્ચેના બળો સાથે સરખાવવામાં આવ્યા જે સરખામણી યોગ્ય નથી.

* વિદ્યુત ચુંબકીય તરંગો
(Electro magnetic waves)

દા.ત. સૂર્યપ્રકાશના તરંગો

- તેમનો વેગ પ્રકાશના વેગ જેટલો હોય છે.
- તેમના પ્રસરણ માટે માધ્યમની જરૂર પડતી નથી.
- આ તરંગ સાથે વિદ્યુત ક્ષેત્ર અને ચુંબકીય ક્ષેત્ર સંકળાયેલું હોય છે. દિશા અને તરંગની પ્રસરણની દિશા એ ત્રણે પરસ્પર એકબીજાને લંબ હોય છે.



• ચુંબકીય તરંગના ગુણધર્મો




⇒ તરંગની તરંગ લંબાઈ (λ) (Lambda):-

- બે ક્રમીક શ્રૃંગ અથવા બે ક્રમીક ગર્ત વચ્ચેના અંતરને તરંગની તરંગ લંબાઈ કહેવાય છે.

- તરંગલંબાઈનો SI એકમ :- m

અન્ય એકમો :- nm ($10^{-9}$m)

A° ($10^{-10}$m)

Pm ($10^{-12}$m)

⇒ તરંગનો કંપવિસ્તાર (Amplitude) (A)

શ્રૃંગની ઊંચાઈ અથવા ગર્તની ઊંડાઈ ને તરંગનો કંપવિસ્તાર કહેવાય.

એકમ :- m

⇒ તરંગની આવૃત્તિ:-
Frequency (ν) (વંચાય : nu)

- કોઈ એક બિંદુ આગળથી એકમ સમયમાં પસાર થતા તરંગોની સંખ્યાને તરંગની આવૃત્તિ કહેવાય.

આવૃત્તિનો SI એકમ

Second$^{-1}$ or Hertz (Hz)

$1 s^{-1} = 1 Hz$

2025/08/28 20:57

=) આવર્તકાળ (Time Period) (T)

એક બિંદુ આગળથી તરંગને પસાર થતા લાગતા સમયને આવર્તકાળ કહેવાય છે.

એકમ :- second

આવર્તકાળ = $\frac{1}{\text{આવૃત્તિ}}$

$$T = \frac{1}{\nu}$$

=) તરંગ નો વેગ (V)

એકમ સમયમાં તરંગો કાપેલા અંતરને તરંગનો વેગ કહેવાય

$$V = \frac{\lambda}{T}$$

પ્રકાશના વેગનો 'c' વડે દર્શાવાય

$$c = \frac{\lambda}{T}$$

$$c = \lambda \cdot \nu$$

$$\nu = \frac{c}{\lambda}$$

2025/08/28 20:57

=> તરંગ સંખ્યા (wave number) ($\bar{\nu}$) (Read :- nu bar)

- એકમ લંબાઈમાં રહેલા તરંગોની સંખ્યા (or) (તરંગલંબાઈની સંખ્યા) ને તરંગ સંખ્યા કહેવાય છે.

$$\bar{\nu} = \frac{1}{\lambda}$$

એકમ :- $m^{-1}$

પ્રકાશનો દ્વૈસ્વભાવ (Dual nature of light

- પ્રકાશ તરંગ સ્વરૂપે (વિકિરણ સ્વરૂપે) ગતિ કરે છે. જેને પ્રકાશની તરંગ પ્રકૃતિ કહેવાય છે

- નીચેની ઘટના ઓ પ્રકાશને તરંગ પ્રકૃતિ છે તેવું દર્શાવે છે

- વિવર્તન :- પ્રકાશ ના માર્ગમાં જ્યારે કોઈ અપારદર્શક પદાર્થ આવે ત્યારે પ્રકાશ પોતાનો માર્ગ બદલે છે. આ ઘટનાને વિવર્તન કહે છે.

- વ્યતિકરણ :-

પ્રકાશના ~~[illegible]~~ કિરણોને કોઈ પડદા પર આપાતકરતા તે ફેલાઈ જાય છે. જેને વ્યતિકરણ કહેવાય

આ ઉપરાંત પ્રકાશ પરાવર્તન વક્રીભવન જેવી ઘટના ઓ દર્શાવે છે. જે પ્રકાશની તરંગ પ્રકૃતિ છે એમ સાબિત કરે છે

- મેક્સ પ્લાંકે દર્શાવ્યું કે પ્રકાશ એ કણ સ્વરૂપે ગતિ કરે છે જેને પ્રકાશની કણ પ્રકૃતિ કહેવાય.

- કણ પ્રકૃતિ સાબિત કરતી ઘટનાઓ
1. ફોટો ઇલેક્ટ્રીક અસર
2. Black Body Radiation (કાળા પદાર્થનું વિકિરણ)

- પ્રકાશની તરંગ પ્રકૃતિ (wave nature)

અને કણ પ્રકૃતિ (Particle nature) એમ બે સ્વભાવ છે જેને પ્રકાશનો દ્વિસ્વભાવ કહેવાય.

- પ્રકાશનો ક્વોન્ટમ

- પ્રકાશના નાનામાં નાના કણોને quanta (ક્વોન્ટા) કહેવાય છે.

- દૃશ્ય પ્રકાશના ક્વોન્ટા ને Photon (ફોટોન) કહેવાય છે.

- પ્રકાશનું કણ સ્વરૂપ એ તેનું discontinuous (descrete) સ્વરૂપ છે.

- જ્યારે તરંગ સ્વરૂપ એ (continuous) (સતત) સ્વરૂપ છે.

- એક ફોટોનની ગતિથી એક ફોટોન મળે.

- પ્રકાશના કણ ફોટોનની ઊર્જા અને તેના તરંગની આવૃત્તિ એ સમપ્રમાણમાં હોય છે.

$E \propto \nu$

$E = h\nu$

$h$ = પ્લાંક અચળાંક
$= 6.626 \times 10^{-34}$ J.s
$= 6.626 \times 10^{-27}$ erg.s

$E$ = ફોટોનની ઊર્જા

$\nu$ = વિકિરણની આવૃત્તિ

$$E = \frac{hc}{\lambda}$$ *

λ = તરંગની તરંગ લંબાઈ
c = $3 \times 10^8$ m/s

$$E = \frac{nhc}{\lambda}$$

n ફોટોનની ઊર્જા
n = ફોટોનની સંખ્યા

=> 1 મોલ ફોટોનની કુલ ઊર્જા ને ઊર્જાનું આઇનસ્ટાઇન મૂલ્ય કહેવાય છે

$$E = \frac{N_A \cdot hc}{\lambda}$$ *

* જો ઊર્જા E ને eV (electron Volt) એકમ માં દર્શાવવામાં આવે અને તરંગલંબાઈ ને Å માં દર્શાવવામાં આવે તો,

$$E(eV) = \frac{12400}{\lambda(Å)}$$ *

એક વિજળીનો ગોળો $10^{15}$ Hz આવૃતિ ધરાવતા પ્રતિ સેકન્ડમાં $10^{10}$ ફોટોન ઉત્સર્જન કરે છે. તો તેની ઊર્જા ગણો.

$$E = nh\nu$$
$$= 10^{10} \times 6.626 \times 10^{-34} \times 10^{15}$$
$$= 6.626 \times 10^{-9} J$$

100 watt ના એક ગોળા દ્વારા 10 sec માં ઉત્સર્જિત થતા ફોટોન ની સંખ્યા ગણો. ઉત્સર્જિત વિકિરણની તરંગલંબાઈ 3000 $A^{\circ}$ છે.

$$P = \frac{E}{t} = 1000 J/s$$

1 sec માં 100 J ઊર્જા ઉત્સર્જિત થાય

∴ 10 sec (?)

$$E = 1000 J$$
$$E = \frac{nhc}{\lambda}$$
$$1000 = \frac{n \times 6.626 \times 10^{-34} \times 3 \times 10^{8}}{3 \times 1000 \times 10^{-10} m}$$
$$n = \frac{1}{6.626 \times 10^{-22}}$$
$$n = 1.5 \times 10^{21}$$ ફોટોન

પ્રશ્ન  3000 Å તરંગલંબાઈ નો પ્રકાશ એક સપાટી ઉપર આપાત થાય છે તે આશરે 60% પ્રકાશ પરાવર્તન પામે છે. પરાવર્તિત પ્રકાશની તરંગ લંબાઈ 6000 Å હોય તો આપાત થતા અને પરાવર્તન પામતા ફોટોનની સંખ્યાનો ગુણોત્તર શોધો




$$E_2 = E_1 \text{ ના } 60\%$$

$$= \frac{E_1 \times 60}{100}$$

આપાત પ્રકાશની ઊર્જા

$$E_1 = \frac{n_1 hc}{\lambda_1}$$

પરાવર્તિત પ્રકાશની ઊર્જા

$$E_2 = \frac{n_2 hc}{\lambda_1}$$

$$\frac{E_1}{E_2} = \frac{n_1 hc}{\lambda_1} \times \frac{\lambda_2}{n_2 hc}$$

$$\frac{E_1}{\frac{E_1 \times 60}{100}} = \frac{n_1 \times 6000}{n_2 \times 3000}$$

$$\boxed{\frac{n_1}{n_2} = \frac{5}{6}}$$

electron volt (eV)




V વોલ્ટની બેટરી

- જ્યારે સ્થિર સ્થિતિમાં રહેલો $e^-$ V વોલ્ટના વિદ્યુતસ્થિતિમાનથી પ્રવેગીત કરવામાં ~~આવ્યા~~ આવે ત્યારે e વારે તેની ગતિ ઊર્જામાં 1eV જેટલો વધારો થાય છે.

$$TE_1 = TE_2$$

$$KE_1 + PE_1 = KE_2 + PE_2$$

$$|KE_1 - KE_2| = |PE_1 - PE_2|$$

$$|KE_2| = |qV_1 - qV_2|$$

$$KE_2 = q|(V_1 - V_2)|$$

$$\boxed{KE_2 = eV}$$

$$1\,eV = 1.6 \times 10^{-19}\,C \times volt$$

$$\boxed{1\,eV = 1.6 \times 10^{-19}\,Joule}$$

Que. જો ઇલેક્ટ્રોનને સ્થિરસ્થિતિમાંથી 2Volt ના વિદ્યુતસ્થિતિમાનના તફાવતના તફાવતથી પ્રવેગીત કરવામાં આવે તો તેની અંતિમગતિ ઊર્જા ગણો.

$KE_1 = 0$

$KE_2 = (?)$

$$|KE_2 - KE_1| = |PE_1 - PE_2|$$
$$KE_2 - 0 = \Delta PE$$
$$KE_2 = q(V_2 - V_1)$$
$$KE_2 = e(2V)$$
$$KE_2 = 2eV$$

Que. e ને 8eV ની શરૂઆતની ગતિઊર્જા માંથી 3Volt વડે પ્રવેગીત કરતા તેની અંતિમ ગતિઊર્જા ગણો.

પ્રવેગીત કરતા $KE_2 > KE_1$ થાય

$$|KE_2 - KE_1| = \Delta PE$$
$$KE_2 - 8eV = q(V_2 - V_1)$$
$$KE_2 - 8eV = e(3V)$$
$$KE_2 = 11eV$$

Que. ઉપરના પ્રશ્નમાં પ્રવેગીતની જગ્યા એ પ્રતિપ્રવેગીત (Retarted) કરવામાં આવે તો eની અંતિમ ગતી ઊર્જા ગણો.

પ્રતિપ્રવેગીત કરતા $KE_2 < KE_1$

$$|KE_1 - KE_2| = \Delta PE$$
$$|8eV - KE_2| = q(V_2 - V_1)$$
$$8eV - KE_2 = e(3V)$$
$$KE_2 = 5eV$$

બોર કણને 8eV ગતિઊર્જાથી 3વોલ્ટ વડે પ્રવેગિત કરવામાં આવે તો તેની અંતિમ ગતિઊર્જા શું?

પ્રવેગિત : $KE_2 > KE_1$

$$|KE_2 - KE_1| = \Delta PE$$

$$|KE_2 - 8eV| = q(V_2 - V_1)$$

$$KE_2 - 8eV = 2e(3V)$$

$$KE_2 = 14eV$$

* Photo electric effect

- જ્યારે ધાતુની સપાટી ઉપર પ્રકાશનું કિરણ આપાત કરવામાં આવે ત્યારે તે સપાટીમાંથી $e^-$ મુક્ત થાય છે.




- મુક્ત થતા ઇલેક્ટ્રોનને ફોટોઇલેક્ટ્રોન કહેવાય.

⇒ ધાતુનું (Work Function) કાર્ય વિધેય
($W_0$) (દેહલી ઊર્જા) (Threshold Energy)

- ધાતુની સપાટી માંથી કોઈ $e^-$ મુક્ત કરવા માટે આપવી પડતી ન્યુનતમ ઊર્જાને ધાતુનું કાર્ય વિધેય ($W_0$) કહેવાય છે

$$W_0 = E_0 = h\nu_0 = \frac{hc}{\lambda_0}$$

જ્યાં $\nu_0$ = ધાતુની દેહલી આવૃત્તિ (Threshold Frequency)
$\lambda_0$ = ધાતુની દેહલી તરંગ લંબાઈ (Threshold wavelength)

⇒ જો ધાતુની સપાટી ઉપર E ઊર્જાનું વિકિરણ આપાત કરવામાં આવે અને $E \geq W_0$ હોય તો ધાતુ માંથી કોઈ $e^-$ મુક્ત થશે.

$$E = W_0 + KE$$

E = આપાત પ્રકાશની ઊર્જા
$W_0$ = ધાતુનું કાર્ય વિધેય
KE = ઉત્સર્જિત થયેલા કોઈ $e^-$ ની ગતિઊર્જા

- જો $E < w_0$ તો ધાતુમાંથી $e^-$ મુક્ત થશે નહિ એટલે કે ફોટો ઇલેક્ટ્રીક અસર જોવા મળશે નહી.

- જો $E \geq w_0$ તો જ ફોટોઇલેક્ટ્રીક અસર જોવા મળશે.
- જો $E = w_0$ તો ધાતુમાંથી $e^-$ માત્ર મુક્ત થશે તેની ગતિ ઊર્જા શૂન્ય હશે.

- $E > w_0$ તો ધાતુમાંથી મુક્ત થતા $e^-$ ની ગતિ ઊર્જા $(E - w_0)$ થશે.

પ્રકાશની તીવ્રતા :- Intensity of light (I)

- પ્રકાશના સ્ત્રોતમાંથી ઉત્સર્જાતા ફોટોન નો (કિરણોની) સંખ્યાને પ્રકાશની તીવ્રતા કહેવાય છે.

- જો પ્રકાશની તીવ્રતા વધારવામાં આવે તો તેની ઊર્જા વધતી નથી.

- $w_0$ કરતા ઓછી ઊર્જા ધરાવતા પણ વધારે તીવ્રતા ધરાવતા પ્રકાશને ધાતુની સપાટી ઉપર આપાત કરતા ધાતુની સપાટીમાંથી $e$ મુક્ત થઇ શકતા નથી.

- જો આપાત પ્રકાશની ઊર્જા $E > w_0$ હોય તો મુક્ત થતા ફોટો $e$ ની KE.




2025/08/28 20:58

સપાટી ઉપરથી મુક્ત થતા $e^-$ માટે ગતિઊર્જા મહત્તમ હશે.

$$KE = KE_{(maximum)}$$

② અંદરની સપાટી પર હોયતો e ની ગતિઊર્જા.

$$KE < KE_{(maximum)}$$

③ ધાતુમાં ખુબજ અંદરની સપાટી પર રહેલ e ને મુક્ત કરવા વધારે ઊર્જા જોઈએ તેથી તે મુક્ત થશે નહિ

⇒ BE (Binding Energy) : (બંધન ઊર્જા)

ધાતુમાંથી e મુક્ત કરવા જરૂરી ન્યુનતમ ઊર્જા

$$E = W_0 + KE$$
$$h\nu = h\nu_0 + KE$$
$$\nu = \nu_0 + \frac{KE}{h}$$
$$y = c + mx$$




ν → KE નો આલેખ દોરતા ઢાળ = 1/h આવે આલેખનો

ν અક્ષ સાથે આંતર છેદ $\nu_0$ નું મૂલ્ય આપે

KE → ν નો આલેખ




$$h\nu = h\nu_0 + KE$$
$$KE = h\nu - h\nu_0$$
$$y = mx + c$$

પ્રકાશની તીવ્રતા → ફોટો e ની સંખ્યા




જો આપાત પ્રકાશના તરંગોની ઊર્જા એ $\omega_0$ કરતા વધારે હોય તો
($I \propto$ ફોટો e ની સંખ્યા)

* Stopping Potential :-

ફોટો e ધાતુ થી મુક્ત થયેલા ફોટો e ને અટકાવવા માટે જરૂરી ન્યુનતમ Potential ને stopping Potential કહેવાય.

⇒ ફોટો કરંટ (Photo current)

$$I = \frac{V(q)}{t} \quad \Big| \quad I = \frac{ne^-}{t}$$

⇒ ધાતુની સપાટી માંથી પ્રતિ સેકન્ડ મુક્ત થતા ફોટો e ની સંખ્યાને ફોટો કરંટ કહેવાય.

$$E = W_0 + KE$$

$$\frac{hc}{\lambda} = \frac{hc}{\lambda_0} + KE$$

=> જો $\lambda < \lambda_0$ હોય તો જ ફોટોન મુક્ત થઈ શકે.

310 nm તરંગ લંબાઈ ધરાવતું વિકિરણ 2eV કાર્ય વિધેય ધરાવતી ધાતુની સપાટી ઉપર પડે છે તો.
(1) આપાત ફોટોનની ઊર્જા ગણો
(2) આપાત ફોટોનની આવૃત્તિ ગણો
(3) ધાતુની દહેલી આવૃત્તિ (Threshold frequency) ગણો

(1) $E = \frac{hc}{\lambda}$ $\qquad \lambda = 310\ nm = 3100\ A^0$

$$E = \frac{12400}{\lambda(A)}$$

$$\boxed{E = 4eV}$$

(2) આપાત ફોટોનની આવૃત્તિ ગણો

$$E = h\nu$$

$$4eV = 6.626 \times 10^{-34}\ J.S \times \nu$$

$$4 \times 1.6 \times 10^{-19} J = 6.626 \times 10^{-34}\ J.s \times \nu$$

$$\nu = \frac{4 \times 1.6 \times 10^{-19}\ J}{6.626 \times 10^{-34}\ J\ s}$$

$$\nu = \frac{4 \times 16 \times 10^{-20}}{6626 \times 10^{-37}}\ s^{-1}$$

109

$$= 9 \times 10^{14}\ s^{-1}$$

③ ધાતુનો હ્રેશ્વ્ડ

$w_0 = h\nu_0$

$2eV = 6.626 \times 10^{-34} JS \cdot \nu_0$

$\nu_0 = \frac{2 \times 1.6 \times 10^{-19} J}{6.626 \times 10^{-34} JS} = 5 \times 10^{14} s^{-1}$

④ મુક્ત થયેલા $e^-$ ની ગતિ ઊર્જા ગણો.

$E = w_0 + KE$

$4eV = 2eV + KE$

$KE = 2eV$

$= 2 \times 1.6 \times 10^{-19} J$

$KE = 3.2 \times 10^{-19} J$

⑤ મુક્ત થયેલા $e^-$ નો મહત્તમ વેગ ગણાવો.

$K.E. = \frac{1}{2} mv^2$

$3.2 \times 10^{-19} = \frac{1}{2} \times 9.109 \times 10^{-31} \times v^2$

$v = 8 \times 10^5 m/s$

⑥ $e^-$ નો stopping potential ગણો.

stopping energy = 2eV

∴ stopping potential = 2V

⑦ દેહલી. તરંગ ~~લબાઈ~~ લંબાઈ ગણો.

$\nu_0 = \frac{c}{\lambda_0}$

$5 \times 10^{14} s^{-1} = \frac{3 \times 10^8 ms^{-1}}{\lambda_0}$ ∴ $\lambda_0 = 6 \times 10^{-7} m$

Photo intensity ( P.I )

પ્રતી સેકન્ડ પ્રતિ ચોરસમીટર ધાતુની સપાટી ઉપર આપાત થતા ફોટોનની ઊર્જા ને ફોટો Intensity કહેવાય.

$$PI = \frac{E}{At}$$

$$= \frac{nh\nu}{A.t}$$

જ્યાં $n$ = આપાત થતા ફોટોનની સંખ્યા

$$PI \propto n$$

$4\times10^{-7}$ m તરંગ લંબાઈ ધરાવતો ફોટોન ધાતુની સપાટી ઉપર ~~અથડા~~ અથડાય છે. ધાતુનું work function 2.13 eV છે. તો

① ફોટોનની ઊર્જા (eV) માં ગણો
② ફોટો e નો K.E = (?)
③ ફોટો e નો વેગ = (?) $5.74\times10^5$

$$E = \frac{hc}{\lambda}$$

$$= \frac{12400}{\lambda(\mathring{A})}$$

$$= \frac{12400}{4\times10^{-17}}$$

$$= 31\times10^{19}$$

$$= 3.1\ eV$$

$E = W_0 + KE$

$3.1 = 2.13 + KE$

$KE = 0.97$

$KE = \frac{1}{2}mv^2$

$0.97 = \frac{1}{2}\times9.109\times10^{-31}\times v^2$

$184 = 9.109\times10^{-31}\times v^2$

$184 = 910.9\times10^{-32}\times v^2$

$\frac{184\times10^{32}}{9109} = v^2$

$$v = 5.74\times10^5$$

300 nm ના વિકિરણ જ્યારે સોડિયમની સપાટી ઉપર પડે ત્યારે $1.68 \times 10^5$ J/mol ગતિઊર્જા ધરાવતા e મુક્ત થાય છે. સોડિયમ માંથી e મુક્ત કરવા માટે જરૂરી ન્યૂનતમ ઊર્જા કેટલી હશે? મહત્તમ કેટલી તરંગ લંબાઈ વડે e મુક્ત થશે?

⇒ મુક્ત થતા e ની ગતિઊર્જા

$$KE = 1.68 \times 10^5 \text{ J/mol}$$

$$\therefore 1e \text{ ની ગતિઊર્જા} = \frac{1.68 \times 10^5 \text{ J}}{6.022 \times 10^{23}} = 1.75 \text{ eV}$$

$$\lambda = 300 \text{ nm} = 3 \times 10^{-7} \text{ m}$$

$$E = \frac{hc}{\lambda} = \frac{6.626 \times 10^{-34} \times 3 \times 10^8}{3 \times 10^{-7}}$$

$$= 6.626 \times 10^{-19} \text{ J}$$

$$= 4.14 \text{ eV}$$

$$E = W_0 + KE$$

$$4.14 - 1.75 = W_0$$

$$W_0 = 2.39 \text{ eV} = 3.84 \times 10^{-19} \text{ J}$$

$$W_0 = \frac{hc}{\lambda_0}$$

$$\lambda_0 = \frac{6.626 \times 10^{-34} \times 3 \times 10^8}{3.84 \times 10^{-19}}$$

$$\boxed{\lambda_0 = 5.2 \times 10^{-7} \text{ m}}$$

# Black Body Radiation

## Black Body (કાળો પદાર્થ)

- જે પદાર્થ બધા જ પ્રકારના વિકિરણોનું શોષણ કરે અથવા બધા જ પ્રકારના વિકિરણોનું ઉત્સર્જન કરે તેને કાળો પદાર્થ Black Body કહેવાય.

- જુદા જુદા તાપમાને કાળા પદાર્થ માંથી નીકળતા ફોટોનની તીવ્રતા જુદી જુદી હોય છે જેના કારણે પદાર્થોનાં જુદાં જુદાં તાપમાને જુદા જુદા રંગ જોવા મળે છે.

દા.ત. લોખંડને ગરમ કરતાં જેમ તાપમાન વધે તેમ પહેલા લાલ, ઓરેન્જ, પીળો અને સફેદ રંગ દેખાય છે.







$T \lambda_{max} =$ અચળ

$$T_1 (\lambda_{max})_{T_1} = T_2 (\lambda_{max})_{T_2}$$

Wein's law

→ Black Body Radiation ને કણ પ્રકૃતિ દ્વારા સમજી શકાય છે.

## બોહર પરમાણુ નમૂનો :-
## (Bohr's atomic Model):-

- પરમાણુ નું દળ અને ધન વીજભાર એ ન્યુક્લિયસ માં હોય છે ઋણ વીજભારો e એ ન્યુક્લિયસની આસપાસ વર્તુળાકાર કક્ષાઓ માં ભ્રમણ કરે છે

- e જ્યારે વર્તુળાકાર કક્ષામાં ભ્રમણ કરતા હોય ત્યારે તેનું કોણીય વેગમાન :-




$\vec{v}$ = e નો રેખીય વેગ

e નું રેખીય વેગમાન $p = mv$

e વર્તુળાકાર માર્ગ પર ભ્રમણ કરતો હોય ત્યારે તેનું

કોણીય વેગમાન $= \vec{r} \times \vec{p}$

$= r p \sin\theta$

$= r p \sin 90$

$= rp$

**કોણીય વેગમાન = $mvr$**

=> જ્યારે e નું કોણીય વેગમાન $\frac{h}{2\pi}$ ના પૂર્ણાંક ગુણાંક જેટલું થાય તે અંતરે જ e ભ્રમણ કરી શકે છે. અન્ય અંતરે e ભ્રમણ કરી શકે નહીં.

કોણીય વેગમાન

$$mvr = \frac{nh}{2\pi}$$

જ્યાં $n = 1, 2, 3, \ldots$
= કક્ષાનો ક્રમ

- જ્યાં e નું કોણીય વેગમાન $\frac{nh}{2\pi}$ થાય તે કક્ષાઓને (permissible Orbits) (માન્ય કક્ષાઓ) કહેવાય

2025/08/28 20:59

- માન્ય કક્ષાઓમાં ફરતા e માટે,

કેન્દ્ર તરફથી લાગતું આકર્ષણબળ = કેન્દ્રત્યાગી બળ

$$\frac{Kq_1q_2}{r^2} = \frac{mv^2}{r}$$

જ્યાં $K = 9 \times 10^9 \, N m^2 c^{-2}$

$q_1$ = ન્યુક્લિયસનો વીજભાર
$= (+Ze)$

$q_2$ = e નો વીજભાર
$= (-e)$

r = કક્ષાની ત્રિજ્યા

m = e નું દળ
$= 9.109 \times 10^{-31} \, kg$

v = e નો રેખીય વેગ

- e જ્યારે માન્ય કક્ષામાં ભ્રમણ કરતો હોય ત્યારે તે ઊર્જાનું ઉત્સર્જન કે શોષણ કરી શકતો નથી તેથી તેની ઊર્જા ચોક્કસ હોય છે. આથી કક્ષાને 'ઊર્જા સ્તર' (Energy level) તરીકે પણ દર્શાવવામાં આવે છે

- ચોક્કસ કક્ષામાં e ની ઊર્જા 'quantized' (Fix) હોય છે તેથી તે કક્ષાને સ્થિર કક્ષા (stationary orbit) કહે છે

* બોહર કક્ષાની ત્રિજ્યા
(Radius of Bohr orbit)

સ્થિર કક્ષા માટે

$$\frac{Kq_1q_2}{r^2} = \frac{mv^2}{r}$$

$$\frac{k(Ze)e}{r^2} = \frac{mv^2}{r}$$

$$\frac{kZe^2}{r} = mv^2 \quad \text{--- (1)}$$

e નું કોણીય વેગમાન $mvr = \frac{nh}{2\pi}$

$$\therefore v = \frac{nh}{2\pi mr}$$

v નું મૂલ્ય સમી (1) માં મૂકતા

$$\frac{kZe^2}{r} = \frac{m n^2 h^2}{4\pi^2 m^2 r^2}$$

$$r_n = \frac{n^2 h^2}{4\pi^2 m k Z e^2}$$

n મી કક્ષાની ત્રિજ્યા

$$r_n = \frac{0.529 \times 10^{-10} n^2}{Z} \, m$$

$$r_n = \frac{0.529 n^2}{Z} \, A^0$$

જેમ n ↑ તેમ r ↑
જેમ Z ↑ તેમ r ↓

H પરમાણુ માટે પ્રથમ કક્ષા
ની ત્રિજ્યા $r_H$ માટે $Z=1, n=1$

$$r_H = 0.529 \, A^0$$

∴ H પરમાણુની n મી કક્ષાની ત્રિજ્યા

~~$r_n$ = 0.529~~

$$r_n = 0.529 \, n^2 \, A^0$$

કોઈ પણ પરમાણુ માટે $r_n = \frac{r_H \cdot n^2}{Z}$

બોહર કક્ષાની ઊર્જા (Energy in Bohr orbit) :

nમી બોહર કક્ષામાં $e^-$ માટે

કુલ ઊર્જા = સ્થિતિ ઊર્જા + ગતિઊર્જા

$T.E. = P.E. + K.E.$ — ②

$e^-$ની સ્થિતિ ઊર્જા

$PE = \frac{k q_1 q_2}{r}$

$= \frac{k(ze)(-e)}{r}$

$PE = \frac{-kze^2}{r}$ — ③

ગતિઊર્જા $KE = \frac{1}{2} mv^2$

સમી ① ઉપરથી,

$mv^2 = \frac{kze^2}{r}$

$\frac{1}{2} mv^2 = \frac{kze^2}{2r}$

$KE = \frac{kze^2}{2r}$ — ④

$e^-$ની કુલ ઊર્જા

$TE = PE + KE$

$TE = \frac{-kze^2}{r} + \frac{kze^2}{2r}$

$TE = \frac{-kze^2}{2r}$ — ⑤

સમી ⑤માં r નું મુલ્ય મુકતા

$TE = \frac{-kze^2 \, 4\pi^2 mkze^2}{2n^2h^2}$

$E_n = \frac{-2\pi^2 me^4 k^2 z^2}{n^2 h^2}$ — ⑥

$E_n = \frac{-2.18 \times 10^{-18} z^2}{n^2}$ J/atom

$E_n = -2.18 \times 10^{-18} \frac{Z^2}{n^2}$ J/atom

$E_n = \frac{-13.6 Z^2}{n^2}$ eV/atom

$E_n = -\frac{1312 Z^2}{n^2}$ kJ/mol

$E_n = -\frac{313.6 Z^2}{n^2}$ kcal/mol

$$E_n \propto \frac{-Z^2}{n^2}$$

જેમ $n \uparrow$ તેમ $E_n \downarrow$

જેમ $Z \uparrow$ તેમ $E_n \downarrow$

$n = \infty$ માટે $e^-$ ની ઊર્જા મહત્તમ હોય $E_n = 0$ થાય.
તેથી અન્ય કક્ષા માં $(n < \infty)$ માટે ઊર્જા ઋણ -ve દર્શાવવામાં આવે છે

n મી કક્ષા ની સ્થિતિ ઊર્જા

$$PE = -\frac{KZe^2}{r}$$

$$PE = 2 \times T.E.$$

n મી કક્ષા ની ગતિ ઊર્જા

$$KE = |TE| = \left|\frac{PE}{2}\right|$$

→ n મી કક્ષામાં સ્થિતિઊર્જા નું મૂલ્ય ગતિ ઊર્જા કરતા બમણું હોય

→ n મી કક્ષામાં કુલ ઊર્જા નું મૂલ્ય ગતિ ઊર્જા જેટલું હોય

→ n મી કક્ષામાં કુલ ઊર્જા નું મૂલ્ય સ્થિતિઊર્જા કરતા અડધું હોય.

A n મી કક્ષામાં e નો વેગ

$$mvr = \frac{nh}{2\pi}$$

$$v = \frac{nh}{2\pi m r}$$

$$v = \frac{nh \; 4\pi^2 m k Z e^2}{2\pi m n^2 h^2}$$

$$v = 2.188 \times 10^6 \frac{Z}{n} \; m/s$$

$$\boxed{v \propto \frac{Z}{n}}$$

2025/08/28 20:59

nમી કક્ષામાં 1 sec માં થતા e ના ભ્રમણની સંખ્યા = nમી કક્ષામાં e ના ભ્રમણની આવૃત્તિ

$$e \text{ નો વેગ } v = \frac{\text{અંતર}}{t}$$

e એક ભ્રમણ પૂર્ણ કરે તે માટે $2\pi r$ અંતર કાપે એ તે n ભ્રમણ કરેલો.

$$\text{આવૃત્તિ} = \frac{v_n}{2\pi r_n}$$

$$\nu_n = \frac{2.188 \times 10^6 \, Z/n \ m/s}{2 \times 3.14 \times 0.529 \times \frac{n^2}{Z} \times 10^{-10} m}$$

$$\nu_n = 6.658 \times 10^{15} \frac{z^2}{n^3} \ s^{-1} \quad \text{— (13)}$$

$$\nu_n \propto \frac{z^2}{n^3}$$

⇒ nમી કક્ષામાં e ને એક ભ્રમણ પૂર્ણ કરવામાં લાગતો સમય = nમી કક્ષામાં e નો આવર્તકાળ (t)

$$t_n = \frac{1}{\nu_n}$$

$$= \frac{1}{6.658 \times 10^{15}} \frac{n^3}{z^2} \ sec$$

$$T_n = 1.5 \times 10^{-16} \frac{n^3}{z^2} \ sec$$

$$T_n \propto \frac{n^3}{z^2}$$

$r_n \propto n^2/Z$

$E_n \propto (-Z^2/n^2)$

$V_n \propto (Z/n)$

$\omega_n \propto (Z^2/n^3)$

$T_n \propto (n^3/Z^2)$

* $e^-$ જ્યારે એક કક્ષામાંથી બીજી કક્ષામાં સંક્રાંતિ (transition) કરે ત્યારે શોષાતી કે ઉત્સર્જાતી ઊર્જા.

$e^-$ $n_1$ મી કક્ષામાંથી $n_2$ મી કક્ષામાં જાય $(n_2 > n_1)$ ત્યારે ઊર્જાનું શોષણ કરે છે.

· $n_2$ માંથી $n_1$ માં જાય ત્યારે ઊર્જાનું ઉત્સર્જન કરે છે




$n_1$ મી કક્ષામાં $e^-$ ની ઊર્જા

$$E_{n_1} = -13.6\frac{Z^2}{n_1^2}\ eV$$

$n_2$ મી કક્ષામાં $e^-$ ની ઊર્જા

$$E_{n_2} = -13.6\frac{Z^2}{n_2^2}\ eV$$

જ્યારે $e^-$ $n_1$ માંથી $n_2$ માં જાય ત્યારે શોષાતી ઊર્જા

$$E_{n_2} - E_{n_1}$$

$$\Delta E = -\frac{13.6 Z^2}{n_2^2} + \frac{13.6 Z^2}{n_1^2}$$

$$\Delta E = 13.6 Z^2\left(\frac{1}{n_1^2} - \frac{1}{n_2^2}\right) eV$$

$$\Delta E = 2.18 \times 10^{-18} Z^2 \left( \frac{1}{n_1^2} - \frac{1}{n_2^2} \right)$$

$$\frac{hc}{\lambda} = 2.18 \times 10^{-18} Z^2 \left( \frac{1}{n_1^2} - \frac{1}{n_2^2} \right)$$

$$\frac{1}{\lambda} = \bar{\nu} = \frac{2.18 \times 10^{-18}}{hc} Z^2 \left( \frac{1}{n_1^2} - \frac{1}{n_2^2} \right)$$

$$\frac{1}{\lambda} = \bar{\nu} = R_H \cdot Z^2 \left( \frac{1}{n_1^2} - \frac{1}{n_2^2} \right)$$

તરંગસંખ્યા

$R_H$ = Rydberg's constant or (Ritz constant)

$R_H = 109678 \ cm^{-1}$

$$\frac{1}{R_H} = 912 \ A^{\circ}$$

=> $Z$ = પરમાણુ ક્રમાંક

=> $1e^-$ ધરાવતા આયનો માટે જ બોહર પરમાણુ નમૂનો લાગુ પડે છે.

$H$ $(Z = 1)$

$He^{+}$ $(Z = 2)$

$Li^{+2}$ $(Z = 3)$

$Be^{+3}$ $(Z = 4)$

$e^-$ નો આયનીકરણ ઊર્જા :- (I.E)
(Ionisation Energy of $e^-$)

- પરમાણુના પ્રથમ ઊર્જા સ્તરમાં રહેલો $e^-$ ને પરમાણુ માંથી દૂર કરવા અને ધન આયન બનાવવા માટે આપવી પડતી ઊર્જા

